# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ❖ રાજ્યમાં ગત રાતથી અત્યાર સુધીમાં અતિભારે વરસાદના પગલે પૂરની સ્થિતિ... મોડીરાતના બે વાગ્યા સુધીમાં 237 તાલુકાઓમાં વરસાદ.. દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું
- ❖ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાને લઇ મુખ્ય સચિવે ગાંધીનગરમાં બેઠક યોજીને સ્થિતિની સમીક્ષા કરી.. જિલ્લા કલેકટરો તેમજ મ્યુનિસિપલ કમિશનરોને એલર્ટ રહેવા સૂચના
- ❖ ઉપરવાસમાં ભારે વરસાદના પગલે નર્મદા અને ઉકાઇ ડેમમાં પાણીની ભૂરપૂર આવકના પગલે પાણી છોડાયા... નીચાણવાળા ગામોને એલર્ટ કરાયાં
- ❖ આજે જન્માષ્ટમી નિમિત્તે દેશની સાથેસાથે રાજ્યભરમાં કૃષ્ણ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ. દ્વારકા, ડાકોર અને શામળાજીમાં મગંળા આરતી સાથે જ જય રણછોડના નાદ ગુજ્યા
- ❖ વરસાદી માહોલ વચ્ચે રાજ્યભરમાં સાતમ આઠમના લોકમેળાઓને મહાલવા લોકોને અનેરો ઉત્સાહ...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAIN OVER ALL

રાજ્યમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા ગઇકાલે સવારે છ વાગ્યાથી આજના રાત્રીના બે વાગ્યા સુધી જાહેર કરાયેલા વરસાદના આંકડા અનુસાર 237 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે... જેમાં સૌથી વધુ નવસારીના ખેરગામમાં સાંબેલાધાર અગિયાર ઇંચ વરસાદ ખાબક્યો હતો જ્યારે નર્મદાના ડેડિયાપાડા અને સાગબારામાં નવ- નવ ઇંચ વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી દીધી છે..

કુલ 34 તાલુકા એવા છે કે જેમાં ચાર ઇંચ કે તેથી વધુ વરસાદ ખાબક્યો હતો..

ભારેથી અતિભારે વરસાદના કારણે રાજ્યના અનેક ભાગોમાં પૂરની સ્થિતિ છે.ત્યારે સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી 135.29 મીટર પહોંચી હતી.. ડેમથી નદીમાં 2.12 લાખ ક્યુસેક પાણી છોડાઇ રહ્યું છે.

ભરુચ નજીક નર્મદા નદીની સપાટી 15.25 ફૂટ પર પહોંચી ગઇ છે...તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોના લોકોને સાવચેત રહેવા અનુરોધ કરાયો હતો બીજી તરફ તાપીના ઉકાઇ ડેમમાં પાણીની આવકના પગલે ઉકાઈ ડેમમાંથી પાણી છોડાવાનું શરુ કરવામાં આવ્યુ છે. નાવડી ઓવારા કિનારે પાણી ભરાવવાનું શરુ થયું છે, જેથી સુરત મહાનગરપાલિકા દ્વારા ઓવરાને બેરીકેટ કરી દેવાયા છે.. જેથી પોલીસ વિભાગ અને મહાનગરપાલિકા દ્વારા ટીમ તેનાત કરવામાં આવી છે.. સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને નાવડી ઓવારા તેમજ નદી કિનારા પાસે જવાનુ ટાળવા માટે અપીલ કરવામાં આવે છે.

જયારે નવસારીમાં પૂર્ણા નદી ભયજનક સપાટી વટાવી ચૂકી છે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા લોકોને સ્થળાંતરીત કરવામાં આવ્યા છે. વધુમાં નવસારી જિલ્લા કલેકટરે આ મુજબ જણાવ્યું છે.

(બાઇટ કલેકટર નવસારી)

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકામાં આવેલ ઓઝત ડેમના ઓવરફ્લોનું લેવલ વધી જતા ડેમ વધુ ઓવરફ્લો થતા પોરબંદરના 6 ગામોને સાવચેત કરાયા છે..ડેમના બધા દરવાજા ખોલી નાખવામાં આવ્યા છે.

મોરબીના હળવદનાં ઢવાણા ગામે ટ્રેકટર પાણીમાં તણાઈ જવાની ઘટના ઘટી હોવાનું અમારા મોરબીના સંવાદદાતા જણાવી રહ્યાં છે..ટ્રેક્ટરમાં દસ લોકો હતા તેમાંથી ચાર લોકોને બચાવી લેવાયા છે તેમજ તણાયેલા છને બચાવવાની કમગીરી થઇ રહી હોવાનું જાણવા મળ્યુ છે.

બીજીતરફ બોટાદ શહેરમાં આખો દિવસ વરસાદી વાતાવરણ ને કારણે જે લોકોને પોતાનું ઘર નથી અને રહેવામાં તકલીફ હોઈ, ઝુંપડામાં કે છાપરામાં રહેતા હોય અથવા ઘરમાં પાણી ભરાતું હોય તેવા લોકો માટે નગરપાલિકા અને જાયન્ટ્સ ગૃપ ઓફ બોટાદ દ્વારા સંચાલિત આશ્રય સ્થાનોમાં મોકલી આપીને તેમના રહેવા જમવાની વ્યવસ્થા કરી દેવાઇ હતી..

સુરતના અડાજણ ખાતે આશરે ૧૫ પરિવારો ને મહાદેવ નગર ખાતે આવેલ નાગર પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતર કરવામાં આવેલ છે તેમના રેહવા તથા જમવા ની વ્યવસ્થા એસએમસી દ્વારા કરવામાં આવી છે. ગણદેવી તાલુકાના મોરલી કલમઠા ભાઠા ગામના 40 યાત્રાળુઓ ફસાતા તેમની રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભાવનગર જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે અધિકારીઓ અને કર્મચારીઓની પરચૂરણ રજા રદ કરવામાં આવી છે..

હાલમાં વરસાદની સ્થિતિના પગલે સમગ્ર રાજ્યમાં તંત્રને એલર્ટ કરી દેવાયું છે.. તેમજ જ્યાં જ્યાં વરસાદ વરસી રહ્યો છે અને જ્યાં જીલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી છે ત્યાં તંત્ર સ્ટેન્ડ ટુ રખાયું છે.

કચ્છમાં રાત્રે દરમિયાન હળવો થી મધ્યમ વરસાદ વરસાયો હતો.અબડાસા લખપત ને બાદ કરતા બાકી ના આઠ તાલુકા માં એક થી ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો સૌથી વધુ રાપર માં પોણા ત્રણ ભચાઉ માં 2 ગાંધીધામ માં સવા અંજાર નખત્રાણા અને ભુજ માં 1 ઇંચ વરસાદ વરસાયો હતો.

-------------------------------------------------------------------

- પીટીસી- ભરૂચ, તાપી, નર્મદા, સુરત.,ભાવગર ,બોટાદ, -હર્ષલ પંડ્યા -(NAVIN)

# AHMEDABAD RAIN

ગઇકાલથી ભારે વરસાદ વરસતા રાજ્યના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ છે. ત્યારે અમદાવાદમાં પણ ગઇકાલથી ભારે વરસાદ વરસી રહ્યો છે. ગઇકાલથી ભારે પવન સાથે શરૂ થયેલા ધોધમાર વરસાદે શહેરના અનેક વિસ્તારોને જળબંબાકાર બનાવી દીધા હતા. અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા..

આજે વહેલી સવાર સુધી વરસેલા વરસાદને કારણે જાહેર માર્ગો પર પાણી ભરાઇ ગયા હતા જેને કારણે સવારથી જ લોકોને અવરજવર કરવામાં મુશ્કેલી સર્જાઇ હતી, વહેલી સવારે કામ પર જવા નિકળતા અનેક લોકોના વાહનો પણ વરસાદી પાણીમાં ખોટકાઇ ગયા હતા..

------------------------------------------------------------------------

- ન્યુઝરૂમ- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# SEOC Meeting

હવામાન વિભાગ દ્વારા કરાયેલી ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ગઈ કાલે રાત્રે મુખ્ય સચિવ રાજકુમારના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે સમીક્ષા બેઠક યોજાઇ હતી..

પવિત્ર શ્રાવણ માસના તહેવારોને ધ્યાનમાં રાખી લોકો જ્યાં મોટી સંખ્યામાં ભેગા થવાની સંભાવના છે તે સ્થળોએ ભારે વરસાદથી કોઇ અકસ્માત કે હોનારત ન થાય તે અંગે ખાસ તકેદારી રાખવા મુખ્ય સચિવે જણાવ્યું હતું. વધુમાં, તમામ પ્રભારી સચિવોને પણ જરૂર જણાયે પરિસ્થિતિને ધ્યાને રાખી પોતાના જિલ્લામાં હાજર રહી વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવા સૂચિત કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખી આગાહી વાળા જિલ્લાઓમાં પશુપાલન, ઊર્જા, કૃષિ, CWC, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત, જી.એમ.બી., શહેરી વિકાસ વિભાગ, સિંચાઈ, સરદાર સરોવર નિગમ, NDRF અને કોસ્ટ ગાર્ડ વગેરે વિભાગોના અધિકારીશ્રીઓને પણ તકેદારીના પગલાં લેવા સૂચિત કરાયા હતા.

રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ પણ બેઠકમાં હાજર રહેલા તમામ નોડલ અધિકારીઓને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ તકેદારીના તમામ પગલાં ભરવા જણાવ્યું હતું.

---------------------------------------------------------------------

-SECO, અનિલ પટેલ -(NAVIN)

# HAVANAM VIBHAG

સમગ્ર રાજ્યમાં આગામી ત્રણથી ચાર દિવસ વરસાદની સ્થિતિ બનેલી રહેશે તેમ હવામાન વિભાગે આગાહી કરી છે.

હવામાન વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી વિગતો અનુસાર આજે સુરત, વડોદરા, અમરેલી, ભાવનગર, ભરૂચ, નવસારી, વલસાડ, દિવ દમણ અને દાદરાનગર હવેલીમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે.

જ્યારે નર્મદા, ડાંગ, રાજકોટ સહિતના વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.. આ ઉપરાંત આવતીકાલે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક સ્થળોએ અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે..

---

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા -(NAVIN)

# Janmashtami

આજે રાજ્ય સહિત દેશભરમાં જન્માષ્ટમીની ભારે શ્રદ્ધાપૂર્વક અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. આજે રાત્રે બાર વાગ્યે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી રાજ્યના કૃષ્ણમંદિરોમાં કરવામાં આવશે. જગતમંદિર દ્વારકા, ડાકોર, શામળાજી, ઇસ્કોન સહિતના કૃષ્ણમંદિરોમાં તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. ભગવાનના વધામણા કરવા સૌ ભક્તો આતુર છે..

મંદિરો – હવેલીઓમાં મંગળા આરતી, મહા અભિષેક, મહાઆરતી, જાપ, કૃષ્ણ દર્શન સહિતના કાર્યક્રમો યોજાશે. સવારથી જ મોટી સંખ્યામાં ભક્તોનું ઘોડાપૂર મંદિરોમાં જોવા મળી રહ્યું છે.

રાજયભરમાં ઘેર ઘેર કૃષ્ણ જન્મના વધામણાં કરાશે. અનેક સોસાયટી, ફલેટોમાં મટકી ફોડ કાર્યક્રમો યોજાશે. શૈક્ષણિક સંસ્થાઓમાં જન્માષ્ટમી ઉજવણી નિમિત્તે મટકી ફોડ, મટકી ડેકોરેશન, ડ્રેસ કોમ્પીટીશન સહિતના કાર્યક્રમો યોજાશે.

છેલ્લી ઘડી સુધી ભકતો દ્વારા શ્રી કૃષ્ણના વસ્ત્રો, હિંડોળા અને શણગારની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી.

---

-ડેસ્ક, અનિલ પટેલ -(NAVIN)

# LOK MELA

જનામષ્ટમીના પર્વ પ્રસંગે સમગ્ર સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ લોકમેળાઓનો પ્રારંભ થયો છે. લોકો ભારે ઉત્સાહથી મેળામાં ભાગ લઈ રહ્યા છે. ખાસ કરીને રાજકોટ, જેતપુર, પોરબંદરના લોકમેળામાં માનવ મહેરામણ ઉમટી રહ્યું છે.

ગઈ કાલે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાની હાજરીમાં જન્માષ્ટમીનો લોકમેળો ખુલ્લો મુકાયો હતો. ઉદ્ઘાટન સમારોહ બાદ સ્થાનિક કલાકારોએ રાસ ગરબા અને દેશભક્તિના ગીતો સહિતનો સૂર રેલાવ્યો હતો.

પ્રથમ દિવસથી જ બહોળી સંખ્યામાં લોકોએ મેળાની મોજ માણી હતી.મેળો પાંચ દિવસ સુધી ચાલશે.

દરમિયાન, ભાવનગર શહેરના ઘોઘા રોડ ખાતે આવેલા 150 થી પણ વધારે વર્ષ જૂનાં મોટા શીતળા માતાજીના મંદિરે વર્ષોથી શ્રાવણ માસમાં શીતળા સાતમના દિવસે ભાતીગળ લોકમેળાનું ભવ્ય આયોજન થાય છે. ગઈ કાલે શહેરમાં સવારથી જ વરસાદ હોવા છતાં મોટી સંખ્યામાં લોકો માતાજીના દર્શન કરવા અને મેળો માણવા ઉમટી પડ્યા હતા.

શીતળા માતાના મંદિર ઉપરાંત ભાવનગર શહેરના શ્રી રૂવાપરી માતાના મંદિરે માઇ ભક્તોની ભીડ જામી હતી.

રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે ધરોહર લોકમેળો યોજાયો હતો. જેમાં આનંદ પ્રમોદની પ્રવૃતિઓ સાથે લોકોમાં જાગૃતિ આવે એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારના વિવિધ વિભાગોના સ્ટોલ મૂકાયા હતા. જેમાં NDRF અને SDRFના ડોમ પણ મૂકાયા છે. નાગરિકોને આગ, પૂર કે ભૂકંપની સ્થિતિમાં રાખવાની તકેદારી તેમજ સ્વબચાવ વિશે માહિતી આપવામાં આવી રહી છે.

જેતપુરમાં જન્માષ્ટમીનો લોકમેળો ખુલ્લો મુકવામાં આવ્યો.. જેનુ સૌરાષ્ટ્રમાં અનોખુ મહત્વ છે. લોકોની સુરક્ષા માટે મેળામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવામાં આવ્યો છે. વહીવટીતંત્ર દ્વારા સમગ્ર મેળામાં સી.સી.ટી.વી ની બાજ નઝર રાખવામાં આવી છે. બીજી તરફ ફાયર સેફટીને લાગતી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ભરૂચ શહેરમાં છેલ્લા અઢીસો વર્ષથી ઉજવાતા ચાર દિવસીય મેઘરાજા-છડી મહોત્સવનો ગઈકાલથી પ્રારંભ થયો છે. સાતમ નિમિત્તે ભોયવાડ સ્થિત ઘોઘારાવ મંદિરમાં પરંપરાગત રીતે પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. ભોઈ સમાજના મેઘ અને છડી ઉત્સવ સાથે ખારવા અને વાલ્મિકી સમાજના છડી મહોત્સવનો પણ પરંપરાગત પ્રારંભ થયો છે.

ભુજના હમીરસર તળાવ પાસે પરંપરાગત યોજાતા સાતમ-આઠમના લોક મેળામાં ખુલ્લો મુકાયો હતો..

---

- મા.ખાતું(રાજકોટ)-ડીડી એનડીએમએસ-પીટીસી-પશ્ચિમ કચ્છ-ભરૂચ-હિના મોદી-યશ્વી